# Gandhi Peace Prize for the Year 2019 announced

March 22, 2021

---

# વર્ષ 2019 માટે ગાંધી શાંતિ પુરસ્કારની જાહેરાત

માર્ચ 22, 2021

વર્ષ 2019 માટેનો ગાંધી શાંતિ પુરસ્કાર ઓમાનના સ્વ. મહામહિમ સુલ્તાન કબૂસ બિન સઈદ અલ સઈદને એનાયત કરવામાં આવ્યો છે. ગાંધી શાંતિ પુરસ્કાર એ 1995માં ભારત સરકાર દ્વારા મહાત્મા ગાંધીની 125મી જન્મજયંતિ નિમિત્તે શરૂ કરવામાં આવેલો વાર્ષિક પુરસ્કાર છે. આ પુરસ્કાર રાષ્ટ્રીયતા, વંશ, ભાષા, જાતિ, વર્ગ કે લિંગના ભેદભાવ વગર કોઈપણને મળવાપાત્ર છે.

ગાંધી શાંતિ પુરસ્કારની જ્યુરીના અધ્યક્ષપદે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી છે અને તેમાં સત્તાની રૂએ બે સભ્યો - ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા અને લોકસભામાં સૌથી મોટા વિરોધપક્ષના નેતા સામેલ હોય છે. આ ઉપરાંત બે પ્રતિષ્ઠિત સભ્યો તરીકે લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા અને સુલભ ઈન્ટરનેશનલ સોશિયલ સર્વિસ ઓર્ગેનાઈઝેશનના સ્થાપક શ્રી બિંદેશ્વર પાઠક પણ આ જ્યુરીમાં સામેલ છે.
19 માર્ચ 2021ના રોજ જ્યુરીની બેઠક મળી હતી અને વિસ્તૃત ચર્ચાવિચારણા બાદ વર્ષ 2019ના ગાંધી શાંતિ પુરસ્કારના વિજેતા તરીકે (સ્વ.) મહામહિમ સુલ્તાન કબૂસ બિન સઈદ અલ સઈદને પસંદ કરવાનો સર્વાનુમતે નિર્ણય લેવાયો હતો. તેમણે અહિંસક અને બીજા ગાંધી ચીંધ્યા માર્ગે સામાજિક, આર્થિક અને રાજકીય પરિવર્તન માટે જે અસાધારણ યોગદાન આપ્યું તેના સન્માનરૂપે આ પુરસ્કાર માટે પસંદ કરાયા છે.

ભૂતકાળમાં આ પુરસ્કારથી સન્માનિત થયેલાં મહાનુભવોમાં તાન્ઝાનિયાના ભૂતપૂર્વ પ્રમુખ ડો. જુલિયસ નાઈરેરી, ફેડરલ રિપબ્લિક ઓફ જર્મનીના ડો. જર્હાર્ડ ફિશર, રામકૃષ્ણ મિશન, બાબા આમ્ટે (શ્રી મુરલીધર દેવીદાસ આમ્ટે), સાઉથ આફ્રિકાના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. ડો. નેલ્સન મંડેલા, ગ્રામીણ બેન્ક ઓફ બાંગ્લાદેશ, સાઉથ આફ્રિકાના આર્કબિશપ ડેસ્મંડ ટુટુ, શ્રી ચાંડી પ્રસાદ ભટ્ટ અને ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનનો સમાવેશ થાય છે. તાજેતરના વર્ષોમાં એવોર્ડ વિજેતાઓમાં વિવેકાનંદ કેન્દ્ર, ભારત (2015), અક્ષય પાત્ર ફાઉન્ડેશન, ભારત અને સુલભ ઈન્ટરનેશનલ (2016માં સંયુક્ત રીતે), એકલ અભિયાન ટ્રસ્ટ, ભારત (2017) અને શ્રી યોહેઈ સાસાકાવા, જાપાન (2018)નો સમાવેશ થાય છે.

આ પુરસ્કારના ભાગરૂપે એક કરોડ રૂપિયા, એક પ્રશસ્તિપત્ર, એક તકતી અને વિશિષ્ટ પરંપરાગત હેન્ડીક્રાફ્ટ/હેન્ડલૂમની ચીજ આપવામાં આવે છે.
મહામહિમ સુલ્તાન કબૂસ દીર્ઘદૃષ્ટિ ધરાવતા નેતા હતા જેમણે આંતરરાષ્ટ્રીય પ્રશ્નોના ઉકેલ માટે આધુનિકીકરણ અને મધ્યસ્થીની બેવડી નીતિ અપનાવી હતી જેનાથી તેમને વિશ્વભરમાં પ્રશંસા અને સન્માન મળ્યાં હતાં. તેમણે વિવિધ પ્રાદેશિક વિવાદો અને સંઘર્ષમાં શાંતિ પ્રયાસોને ટેકો આપવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મહામહિમ સુલ્તાન કબૂસ ભારત અને ઓમાન વચ્ચે વિશેષ જોડાણના રચયિતા હતા. તેમણે ભારતમાં અભ્યાસ કર્યો હતો અને તેમણે ભારત સાથે હંમેશા એક વિશેષ સંબંધ જાળવ્યા હતા. તેમના નેતૃત્વ હેઠળ ભારત અને ઓમાન વ્યૂહાત્મક ભાગીદારો બન્યા હતા

અને આપણી પરસ્પર લાભદાયી, સંપૂર્ણ ભાગીદારીને મજબૂત બનાવી હતી તથા નવી ઊંચાઈએ પહોંચાડી હતી.

મહામહિમ સુલ્તાન કબૂસ બિન સઈદ અલ સઈદનું નિધન થયું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત-ઓમાનના સંબંધોને મજબૂત બનાવવામાં તેમના યોગદાનને યાદ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે તેઓ "ભારતના ખરા મિત્ર હતા અને ભારત અને ઓમાન વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને વિકસાવવા માટે મજબૂત નેતૃત્વ પૂરું પાડ્યું હતું." વડાપ્રધાને તેમને એક "દીર્ઘદૃષ્ટિ ધરાવતા નેતા અને રાજપુરુષ" તરીકે તથા "આપણા પ્રદેશ અને વિશ્વમાં શાંતિના ઉદાહરણ" તરીકે યાદ કર્યા હતા.

ગાંધી શાંતિ પુરસ્કાર ભારત અને ઓમાન વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવામાં સ્વ. મહામહિમ સુલ્તાન કબૂસ બિન સઈદ અલ સઈદના અસાધારણ વિઝન અને નેતૃત્વને સન્માનિત કરે છે તથા ગલ્ફના ક્ષેત્રમાં શાંતિ અને અહિંસાને પ્રેરિત કરવામાં તેમના પ્રયત્નોની નોંધ લે છે.

**નવી દિલ્હી**
**માર્ચ 22, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.